પોક્સો કેસના આરોપીની જામીન અરજી ફગાવતી કોર્ટ

સુરતઃ ઉત્રાણ પોલીસ સ્ટેશને નોંધાયેલા પોક્સો એક્ટના ગુનાના આરોપી સંદીપભાઈ પ્રવીણ ગોટીની જામીન અરજી સેશન્સ કોર્ટે ફગાવી દીધી હતી. ભોગ બનનાર ૧૩ વર્ષની કિશોરી બનાવના દિવસે શાળાથી પરત ફરી રહી હતી, ત્યારે અરજદાર આરોપીએ તેનો હાથ પકડી લીધો હતો અને તેને પોતાની તરફ ખેંચી હતી અને તેનું પેન્ટ ઘૂંટણ સુધી નીચે ઉતારી દીધું હતું અને તેને તેના લિંગને સ્પર્શ કરવા મજબૂર કરી હતી, અને તેની ઈચ્છા વિરુદ્ધ બળજબરીથી જાતીય સતામણી કરી નાસી ગયો હતો. આ કેસમાં આરોપીની ૭-૩-૨૦૨૬ ના રોજ ધરપકડ કરવામાં આવી હતી. આરોપીએ જામીન પર મુક્ત થવા માટે સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરી હતી. ફરિયાદ પક્ષે સરકારી વકીલ રાજેશ ડોબરીયાએ જામીન અરજીનો વિરોધ કરતી દલીલો કરી હતી. બન્ને પક્ષની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે આરોપીની જામીન અરજી નામંજૂર કરી હતી.

ઉધનામાં ચા પીવા નીકળેલા યુવકને ટેમ્પો ચાલકે અડફેટે લેતાં મોત

સુરતઃ ઉધનામાં ચા પીવા નીકળેલા યુવકને ટેમ્પોચાલકે અડફેટે લેતાં મોત નીપજ્યું હતું. મૂળ બિહારના વતની રહેમત મુનીફ અંસારી (ઉ.વ.28) હાલ ઉધના ભાઠેના વિસ્તારમાં આવેલા અમન સોસાયટીમાં પરિવાર સાથે રહેતો હતો. આજે સવારે તે ઉધના રોડ નંબર 10 પર આવેલા સિલાઈ મશીનના ખાતામાં નોકરીએ હાજર હતો. ત્યારે તે ખાતા પાસે ચા પીવા માટે ચાલતો જતો હતો. ત્યારે ટેમ્પોચાલકે તેને અડફેટે લેતાં નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ટૂંકી સારવાર બાદ તેનું મોત થયું હતું.

ડિંડોલીમાં માનસિક બીમારીથી કંટાળીને આધેડે ફાંસો ખાધો

સુરતઃ ડિંડોલીમાં માનસિક બીમારીથી કંટાળીને આધેડે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. મૂળ ઉત્તરપ્રદેશના વતની પ્રકાશભાઈ રામનારાયણ યાદવ (ઉ.વ.49) હાલ ડિંડોલી વિસ્તારમાં આવેલા મહાદેવનગરમાં પરિવાર સાથે રહેતો હતો. તે સંચા ખાતામાં કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતો હતો. પ્રકાશભાઈ છેલ્લા આઠેક મહિનાથી માનસિક બીમારીથી પીડાતા હતા. જેની દવા પણ ચાલુ હતી. જે બીમારીથી કંટાળી કાલે રાત્રે પ્રકાશભાઈએ ઘરે લોખંડના હુક સાથે દોરી બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો.

લિંબાયતમાં શ્રમિકના બંધ ઘરમાંથી ૧.૬૯ લાખ મતાની ચોરી

સુરતઃ લિંબાયત વિસ્તારમાં બજરંગનગર સોસાયટીમાં રહેતા એક શ્રમિક પરિવારના બંધ મકાનનું તાળું તોડી અજાણ્યા તસ્કરો સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમ મળી કુલ રૂ.૧.૬૯ લાખની મતા ચોરી કરી ફરાર થઈ ગયા છે. મૂળ મહારાષ્ટ્રના ધુલિયા જિલ્લાના વતની અને હાલ લિંબાયત, બજરંગનગર સોસાયટીના ઘર નંબર ૨૦૨ માં રહેતા જ્ઞાનેશ્વર સાહેબરાવ નગરાળે (ઉ.વ.૩૧) કાપડ માર્કેટમાં નોકરી કરી પરિવારનું ભરણપોષણ કરે છે. ગત તા. ૨૬ એપ્રિલના રોજ મધરાતથી સવારના સાત વાગ્યા દરમિયાન તેમનું મકાન બંધ હતું, જેનો લાભ ઉઠાવી તસ્કરો ત્રાટક્યા હતા. ઘરમાં રાખેલી તિજોરીમાં રાખેલું ૧૫ ગ્રામનું સોનાનું મંગળસૂત્ર, સોનાના ઝુમખા, નથણી તેમજ અંદાજે ૫૦૦ ગ્રામ ચાંદીના દાગીના જેમાં કડા, પાયલ અને ચેઈનનો સમાવેશ થાય છે, તે તમામ પર હાથફેરો કર્યો હતો. દાગીના ઉપરાંત તિજોરીમાં રાખેલા ૨૦ હજાર રૂપિયા રોકડા પણ ચોરટાઓ ચોરી ગયા હતા. પ્રાથમિક અંદાજ મુજબ કુલ રૂ. ૧,૬૯,૦૦૦ થી વધુની મતાની ચોરી થઈ છે. સવારે જ્યારે ચોરી થઈ હોવાની જાણ થઈ ત્યારે જ્ઞાનેશ્વરભાઈએ તુરંત લિંબાયત પોલીસને જાણ કરી હતી. લિંબાયત પોલીસે અજાણ્યા તસ્કરો વિરુદ્ધ ગુનો નોંધી આસપાસના મુખ્ય માર્ગો પર લાગેલા સીસીટીવી કેમેરાના ફૂટેજ એકત્ર કરી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

વિયરમાં ચાર મિત્રો નાહવા પડ્યા, એકનું ડૂબી જતાં મોત

ફાયર બ્રિગેડના જવાનોએ દોઢ કલાક શોધખોળ કર્યા બાદ આખરે લાશ જ મળતા આક્રંદ છવાયું

સુરતઃ રાંદેર વિયરકમ કોઝવે ખાતે પાણીમાં નાહવા ગયેલા ચાર મિત્રોમાંથી એક કિશોરનું ડૂબી જવાથી મોત નીપજતાં અરેરાટી ફેલાઈ ગઈ હતી. બનાવ બાદ સ્થાનિક લોકોનું ટોળું મોટી સંખ્યામાં ઘટના સ્થળે એકત્ર થઈ ગયું હતું. ફાયર બ્રિગેડની ટીમે દોઢ કલાક સુધી ભારે શોધખોળ ચલાવી અંતે યુવકની લાશ બહાર કાઢી હતી. ઘટનાને પગલે પરિવારજનોમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો.

લીંબાયત મારૂતીનગર ચોક ગલી નં-1 ખાતે રહેતો 17 વર્ષીય રીહાન શેખ યુનુસ પોતાના મિત્રો 20 વર્ષીય જાકીર યુનુસ ખાન, 20 વર્ષીય ફૈઝાન ધાતકી હુસેન અને 20 વર્ષીય જાવેદ ફારૂક શેખ સાથે આજે બપોરે અંદાજે 2:30 કલાકે રાંદેર વિયરકમ કોઝ્વે ખાતે ન્હાવા માટે ગયો હતો. ચારેય મિત્રો પાણીમાં ડુબકીઓ મારી રહ્યા હતા ત્યારે રીહાન તરતા તરતા કોઝ્વેની વચ્ચે સુધી પહોંચી ગયો હતો.

જોતજોતામાં કોઝવેનાં ઊંડા પાણીના વહેણમાં તણાઈ ગયો રીહાન

દરમિયાન અચાનક રીહાન પાણીમાં તણાવા લાગ્યો હતો. તેને તરફડિયા મારતો જોઈ તેના મિત્રો તરત જ તેને બચાવવાનો પ્રયાસ કરવા લાગ્યા હતા, પરંતુ પાણીનું વહેણ વધુ હોવાને કારણે તેઓ સફળ થઈ શક્યા નહોતા. થોડી જ ક્ષણોમાં રીહાન ઊંડા પાણીમાં ગાયબ થઈ ગયો હતો. ઘટનાથી ગભરાઈ ગયેલા તેના ત્રણેય મિત્રો તાત્કાલિક બહાર આવી સ્થાનિક બોટમેન પાસે મદદ માટે દોડી ગયા હતા. બાદમાં સ્થાનિક લોકોએ સમગ્ર બનાવ અંગે ફાયર કંટ્રોલ રૂમને જાણ કરી હતી. જાણ થતાં જ મોરાભાગળ ફાયર સ્ટેશનનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો.

ફાયર બ્રિગેડની ભારે જહેમત બાદ લાશ મળી

ફાયર સબ ઓફિસર ગિરિશ સેલરે જણાવ્યું હતું કે ફાયર બ્રિગેડના માર્શલ તથા તરવૈયાઓની ટીમે પાણીમાં શોધખોળ શરૂ કરી હતી. ફાયરનાં જરૂરી સાધનો સાથે ટીમ ઊંડા પાણીમાં ઉતરી હતી. અંદાજે એકથી દોઢ કલાકની ભારે જહેમત બાદ કોઝવેના ઊંડા પાણીમાંથી રીહાનની લાશ બહાર કાઢવામાં આવી હતી. મૃતકની લાશ બહાર આવતા પરિવારજનો હૈયાફાટ રુદન કરતાં સમગ્ર વાતાવરણ ગમગીન બની ગયું હતું.

NATA
ENTRANCE EXAM PREPARATION 2025-26
10th To 12th & DIPLOMA
ARCHITECT
INTERIOR
JEE-2
NID
FINE ARTS
GAJENDRA MAJITHIA
New citylight
91-98251-47447

ડે.કમિ. ગુરવ 10 વિભાગ અને એક ઝોનનો હવાલો સંભાળતા હતા

મનપાના ડે.કમિ. ગુરવની બદલી થઈ જતાં હવે અન્ય અધિકારીઓ પર કામનો બોજો વધશે

સુરતઃ સુરત મનપામાં ફરજ બજાવતાં આઈએએસ અધિકારી દિનેશ ગુરવની પણ અમદાવાદ મહાનગરપાલિકામાં ડેપ્યુટી કમિશનર પદે નિમણૂક કરવામાં આવી છે. સુરત મહાનગરપાલિકામાં સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ, હેલ્થ ડિપાર્ટમેન્ટ, સિનિટેશન, હોસ્પિટલ, રોડ ડેવલપમેન્ટ અને ડ્રેનેજ સહિત 10 મહત્વપૂર્ણ વિભાગોની સાથે સાથે કતારગામ ઝોનનો હવાલો પણ દિનેશ ગુરવ પાસે હતો. હવે તેમની બદલીને પગલે અન્ય અધિકારીઓને તેમના વિભાગનો ચાર્જ સુપરત કરવામાં આવતા નિશ્ચિતપણે કામનું ભારણ વધશે.

સુરતના નવા ડીડીઓ દેવેન્દ્રપ્રકાશ મીનાએ બી.ટેક.નો અભ્યાસ કર્યો છે

સુરત જિલ્લા પંચાયતના ડીડીઓ શિવાની ગોયલની જગ્યાએ દેવેન્દ્ર પ્રકાશ મીનાને સુરત જિલ્લા વિકાસ અધિકારી તરીકે નિયુક્ત કરાયા છે. દેવેન્દ્ર પ્રકાશ મીના હાલ દાહોદ ખાતે પ્રોજેક્ટ એડમિનિસ્ટ્રેટર, ટ્રાયબલ એરિયા સબપ્લાન (TASP) તરીકે ફરજ બજાવતા હતા. વર્ષ ૨૦૨૧ બેચના IAS અધિકારી છે. તેમણે ઈજનેરી ક્ષેત્રમાં B.Tech સુધીનો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ UPSCની પરીક્ષા પાસ કરી છે.

ડો. સૌરભ પારઘી સરળ વહીવટ માટે ઓળખાશે

ડો. સૌરભ પારઘી મૂળ મહારાષ્ટ્રના રહેવાસી છે અને તેઓ વ્યવસાયે ડોક્ટર રહ્યા બાદ સિવિલ સર્વિસમાં જોડાયા હતા. તેમણે MBBS સુધીનું તબીબી શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું. ત્યારબાદ UPSC પરીક્ષા પાસ કરીને ગુજરાત કેડરના ૨૦૧૧ બેચના IAS અધિકારી બન્યા હતા. તેઓ ગુજરાત ટુરિઝમ વિભાગમાં પણ મહત્ત્વપૂર્ણ પદ પર રહી ચૂક્યા છે.

નવા કલેક્ટર અગાઉ જૂનાગઢમાં મ્યુનિ.કમિ. હતા

સુરતના નવા કલેક્ટર તેજશ દિલીપભાઈ પરમાર અગાઉ જુનાગઢ મ્યુન્સિપલ કોર્પોરેશનના કમિશનર તરીકે ફરજ બજાવી રહ્યા હતા. તેઓ 2016 બેચના IAS અધિકારી છે. તેમણે બી.ટેક. (મેકેનિકલ એન્જિનિયરિંગ) અભ્યાસ કર્યો છે. પબ્લિક મેનેજમેન્ટમાં માસ્ટર્સ પણ કર્યું છે. જૂન 2025માં તેમને જુનાગઢના મ્યુનિ.કમિ. બનાવાયા હતા.

લાંચ કેસમાં મનપાના કાર્ય. ઈજનેર વિપુલ ગણેશવાળાનાં જામીન મંજૂર

વિપુલ ગણેશવાળાએ વચેટિયા પરવાના સાથે મળીને ગેરકાયદે બાંધકામોમાં તોડ કરવાનું નેટવર્ક ઊભું કર્યું હતું

લાંચના નાણાં લઈને પરવાના પઠાણ ભાગી છૂટ્યો હતો, હજુ પકડાયો નથી

સુરતઃ ગેરકાયદે બાંધકામ ન તોડવા માટે લાંચ માંગનાર સુરત મહાનગરપાલિકાના લિંબાયત ઝોનના કાર્યપાલક ઈજનેર વિપુલકુમાર શશિકાંત ગણેશવાલાની જામીન અરજી હાઈકોર્ટે મંજૂર કરી હતી.

તા. ૧૯-૨-૨૦૨૬ના રોજ ફરિયાદનાં આધારે એસીબીએ ટ્રેપ ગોઠવી હતી. આરોપી પરવાના જમિલખાન પઠાણ ફરિયાદી પાસેથી ચાર લાખ સ્વીકારી ઘટના સ્થળેથી ભાગી ગયો હતો. આ કેસમાં લિંબાયત ઝોનના કાર્યપાલક ઈજનેર વિપુલકુમાર શશિકાંત ગણેશવાલા, પરવાના જમિલખાન પઠાણ સામે એસીબીએ ગુનો નોંધ્યો હતો. આ કેસમાં આરોપી વિપુલકુમાર શશિકાંત ગણેશવાલાએ હાઈકોર્ટમાં જામીન અરજી રજૂ કરી હતી. બન્ને પક્ષની દલીલો સાંભળ્યા બાદ હાઈકોર્ટે આરોપી વિપુલ ગણેશવાલાના શરતી જામીન મંજૂર કર્યા હતા. આરોપીની જામીન અરજી મંજૂર કરતાં હાઈકોર્ટે ૧૧ જેટલી શરતો લાદી હતી. જેમાં આરોપીએ એક અઠવાડિયાની અંદર પાસપોર્ટ જમા કરાવવાનો રહેશે. કોર્ટની પૂર્વ પરવાનગી વિના ગુજરાત રાજ્યની હદ છોડવી નહીં. છ મહિના માટે દર રવિવારે સંબંધિત પોલીસ સ્ટેશન સમક્ષ હાજરી નોંધાવી પડશે.

પક્ષવિરોધી પ્રવૃત્તિ બદલ કોંગ્રેસ પ્રમુખે પ્રદેશના નેતાને પણ નોટિસ આપી દીધી!

જો કે જેને નોટિસ ફટકારી તેઓએ પુરાવા સાથે આક્ષેપ પુરવાર કરવા સામી નોટિસ ફટકારી

સુરત કોંગ્રેસ પ્રમુખ અને પ્રદેશના નેતાઓ વચ્ચેના પત્રયુદ્ધને પગલે કોંગ્રેસમાં આંતરિક ગરમાવો

આગામી દિવસોમાં મામલો પ્રદેશ મોવડીમંડળ સુધી પહોંચે તેવી સંભાવના

સુરતઃ સુરત શહેર કોંગ્રેસમાં શિસ્તભંગ અને સસ્પેન્શનની કાર્યવાહીને લઈને વિવાદ વધુ ઘેરો બન્યો છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના સોશિયલ મીડિયા વિભાગના મહામંત્રી રાજુભાઈ ભલાલાએ શહેર પ્રમુખ વિપુલ ઉધનાવાળાને પત્ર લખીને કડક વલણ અપનાવ્યું છે. ગત 7 મે 2026ના રોજ પક્ષમાંથી કરવામાં આવેલા સસ્પેન્શન મામલે તેમણે સ્પષ્ટતા માંગતા સવાલ કર્યો છે કે, તેઓ પ્રદેશ સમિતિમાં હોદ્દો ધરાવતા હોવા છતાં શહેર પ્રમુખે કયા બંધારણીય અધિકાર કે સત્તાના આધારે તેમની સામે આ પગલું ભર્યું છે. ભલાલાએ દાવો કર્યો છે કે તેઓ હજુ પણ પ્રદેશ કક્ષાએ કાર્યરત છે, ત્યારે શહેર પ્રમુખની આ કાર્યવાહી પક્ષના નીતિ-નિયમો વિરુદ્ધ હોવાનું જણાય છે.

રાજુભાઈ ભલાલાએ આ પત્ર દ્વારા પોતાની વિરુદ્ધ થયેલી ફરિયાદો અને આક્ષેપોના પુરાવાઓ પણ માંગ્યા છે.

તેમણે પત્રમાં ચીમકી ઉચ્ચારતા જણાવ્યું છે કે જો સાત દિવસની અંદર આ અંગે સંતોષકારક ખુલાસો અથવા વિગતો પૂરી પાડવામાં નહીં આવે, તો તેઓ કોંગ્રેસના બંધારણ મુજબ પક્ષના આંતરિક મંચ પર આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરશે. એક તરફ સંગઠનને મજબૂત કરવાની વાતો થઈ રહી છે ત્યારે બીજી તરફ હોદ્દેદારો વચ્ચેના આ પત્રયુદ્ધને કારણે સુરત કોંગ્રેસના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે અને આ મામલો હવે પ્રદેશ મોવડીમંડળ સુધી પહોંચે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.ઉલ્લેખનીય છે કે, આગામી દિવસોમાં આ વિવાદ વકરશે.

મહિધરપુરામાં બંધ ઘરમાંથી 1.96 લાખની મતાની ચોરી

ઘરનું તાળું તોડી તસ્કરો દાગીના ચોરી ફરાર

સુરતઃ ઝાંપાબજાર મેઈન રોડ પર આવેલા 'અલફીયા મેન્શન'માં રહેતા ૭૫ વર્ષીય વૃદ્ધા જ્યારે પોતાની દુકાને ગયા હતા, ત્યારે અજાણ્યા તસ્કરોએ ઘરનું તાળું તોડી કબાટમાંથી સોનાના હીરાજડિત બ્રેસલેટ અને વીંટીઓ સહિત કુલ ૧,૯૬,૧૦૦ની મત્તાની ચોરી કરી નાસી છૂટ્યા હતા.

મહિધરપુરા મોરકસ મહોલ્લામાં રહેતા ૭૫ વર્ષીય રેહાનાબેન ગુલામ હુસૈન મીઠાઈવાલા ગત સોમવારે સવારે ઘરને તાળું મારી ઝાંપાબજારમાં આવેલી પોતાની 'અબ્બાસી સ્વીટ માર્ટ' નામની દુકાને ગયા હતા. બપોરે પોણા બે વાગ્યાના અરસામાં જ્યારે તેઓ ઘરે પરત ફર્યા ત્યારે ઘરના દરવાજા પર મારેલું સ્ટીલનું તાળું બાજુની બારી પર પડેલું જોવા મળ્યું હતું. ઘરની અંદર જઈ તપાસ કરતાં બેડરૂમમાં રાખેલા લાકડાના કબાટનો દરવાજો ખુલ્લો હતો અને તેમાં રાખેલા દાગીના ગાયબ હતા. તસ્કરોએ કબાટમાંથી ૬.૮૮૦ ગ્રામનું સોનાનું હીરાજડિત બ્રેસલેટ, ૪.૨૨૦ ગ્રામની સોનાની હીરાજડિત વીંટી અને પ્લાસ્ટિકની ડબ્બીમાં રાખેલી અન્ય બે સોનાની વીંટીઓ મળી કુલ ૧,૯૬,૧૦૦ની મત્તા ચોરી લીધી હતી. ગભરાયેલા વૃદ્ધાએ તાત્કાલિક પોતાની પુત્રવધૂ અને પરિવારને જાણ કરી હતી. અન્ય ચીજવસ્તુઓની ખાતરી કર્યા બાદ રેહાનાબેને મહિધરપુરા પોલીસમથકમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે અજાણ્યા ચોર ઈસમો વિરુદ્ધ ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

પુત્રવધૂને કરિયાવર માટે મહિલાએ 15 તોલા દાગીના ચોરી લીધા

કતારગામમાં ત્રણ મહિના પહેલાં જ ભાડુઆત તરીકે રહેવા આવી હતી

સુરતઃ કતારગામમાં ત્રણ મહિના પહેલાં જ ભાડે રહેવા આવેલી મહિલાએ વિશ્વાસઘાત કરી શિક્ષિકાના ઘરમાંથી ૧૫ તોલા સોનાના દાગીનાની ચોરી કરી હતી. પુત્રવધૂને કરિયાવરમાં દાગીના આપવાની લાલચમાં મહિલાએ આ ગંભીર ગુનો આચર્યો હતો.

કતારગામ, કંટેશ્વર સોસાયટીમાં રહેતા ૪૨ વર્ષીય શિલ્પાબેન અરવિંદભાઈ પદમાણી વ્યવસાયે શિક્ષિકા છે. તેમના પતિ સચિનમાં કાપડનું કારખાનું ચલાવે છે. ગત ૨૧મી એપ્રિલે જ્યારે શિલ્પાબેન તેમના જેઠની પુત્રીની ચાંદલો વિધિમાં જવા માટે તૈયાર થતા હતા, ત્યારે કબાટમાં રાખેલા ૧૫ તોલા સોનાના દાગીના (કિંમત રૂ. ૧૭.૭૭ લાખ) ગાયબ હતા. કતારગામ પોલીસે તપાસ શરૂ કરી ત્યારે બે ભાડુઆતો પર શંકાની સોય અટકી હતી. જેમાં બીજા માળે આઠ વર્ષથી રહેતા ભાડુઆત અને પહેલા માળે ત્રણ મહિના પહેલાં જ રહેવા આવેલા કેશોદના ટાંક પરિવારની પૂછપરછ હાથ ધરાઈ હતી. પોલીસને ૩૮ વર્ષીય ઉષાબેન નીતિન ટાંકના મોબાઈલમાંથી ૩૦મી માર્ચથી ૧લી એપ્રિલ સુધીનો ડેટા ડિલીટ થયેલો જણાયો હતો. કડક પૂછપરછ કરતાં તે ભાંગી પડી હતી અને ચોરીની કબૂલાત કરી હતી. ઉષાબેને કબૂલાત કરી હતી કે, જ્યારે શિલ્પાબેન અને તેમના પતિ નોકરી પર હોય અને પુત્ર ટ્યુશન ગયો હોય ત્યારે ઘર ખાલી રહેતું હતું. પુત્ર મુખ્ય દરવાજાને તાળું મારતો પણ સીડી પાસેના રૂમનું તાળું મારવાનું ભૂલી જતો હતો. આ તકનો લાભ ઉઠાવી ઉષાબેન અંદર ઘૂસી ગયા હતા અને દાગીના ચોરી લીધા હતા. ચોરી કર્યા બાદ કોઈને વહેમ ન પડે તે રીતે તેમણે રૂમ ફરીથી વ્યવસ્થિત ગોઠવી દીધો હતો. આરોપી મહિલાએ જણાવ્યું કે તેના બે પુત્ર પૈકી એક પુત્રએ પ્રેમ લગ્ન કર્યા હોવાથી પુત્રવધૂને કરિયાવરમાં સોનું આપવા માટે અને પૈસાની જરૂરિયાત હોવાથી તેણે આ ચોરી કરી હતી. પોલીસે તેની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરતાં એક દિવસના રિમાન્ડ મેળવ્યા છે. રિમાન્ડ દરમિયાન તેના ઘરેથી ચોરી થયેલા 9.92 લાખના સોનાના દાગીના કબ્જે લીધા છે. અન્ય દાગીના વેચી દીધા હોવાનું બહાર આવ્યું છે.

વેસુની વેનિસા રેસિડેન્સીમાં એસીમાં શોર્ટસર્કિટ થતાં આગ ભભૂકી

સુરત : ઉનાળો શરૂ થતા જ એસીમાં આગ લાગવાનાં બનાવોમાં વધારો થઈ રહ્યો છે. એવામાં શહેરનાં પોશ ગણાતા વેસુ વિસ્તારમાં આવેલી વેનિસા રેસિડેન્સિ નામની બિલ્ડિંગમાં મંગળવારે મોડી રાત્રે ફ્લેટ નં.202માં એસી ચાલુ કરતાં જ આગ લાગવાની શરૂઆત થઈ હતી. પરિવાર ઘરમાં હાજર હતો અને જાગી રહ્યો હતો. તેથી તેમણે તુરંત ફાયર બ્રિગેડને જાણ કરી હતી. વેસુ ફાયર સબ ઓફિસર રોહિત ખલાસીએ જણાવ્યું હતું કે, ઘટનાનો કોલ મળતાની સાથે જ તેઓ તુરંત જ સ્થળ ઉપર પહોંચી ગયા હતા. બેડરૂમનાં એસીમાં આગ લાગતા પીઓપીની સિલિંગ તથા બેડ આગની ચપેટમાં આવી ગયા હતા. ઓવર હિટિંગ થવાને કારણે શોર્ટ સર્કિટ થયા બાદ આગ લાગી હતી.

અડાજણમાં પીવાની પાણીની લાઈનમાં મોટું ભંગાણ પડ્યું

હાઈડ્રોલિક વિભાગની બેદરકારીને કારણે ભરઉનાળે રસ્તાઓ પર લાખો લીટર પાણીની નદીઓ વહી

સુરતઃ સુરત મનપાના હાઈડ્રોલિક વિભાગની ઘોર બેદરકારીને પરિણામે અડાજણ વિસ્તારમાં લાખો લીટર પીવાના શુદ્ધ પાણીનો બગાડ થવાની ઘટના સામે આવી છે. અડાજણના હની પાર્ક પાસે સરિતા ડેરી તરફ જતા રસ્તા પર પીવાના પાણીની લાઈનમાં રિપેરિંગ દરમિયાન મોટું ભંગાણ સર્જાયું હતું. હાઈડ્રોલિક વિભાગ દ્વારા લાઈનમાં લીકેજ સમારકામની કામગીરી હાથ ધરવામાં આવી હતી, પરંતુ તે દરમિયાન લાઈન ફાટતા જોતજોતામાં રસ્તાઓ પર પાણી ફરી વળ્યા હતા. રસ્તા પર જાણે નદી વહેતી હોય તેવા દ્રશ્યો સર્જાતા વાહનચાલકો અને રાહદારીઓને પસાર થવામાં ભારે હાલાકી વેઠવી પડી હતી.

સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, વહેલી સવારે 6 વાગ્યાની આસપાસ જ્યારે આ ભંગાણ સર્જાયું ત્યારે તાત્કાલિક હાઈડ્રોલિક વિભાગના જવાબદાર અધિકારીઓને જાણ કરવામાં આવી હતી. સ્થાનિકોનો આક્ષેપ છે કે, વહેલી સવારે જાણ કરવા છતાં વિભાગે ત્વરિત સમારકામ માટે પોતાની અસમર્થતા જાહેર કરી દીધી હતી, જેના કારણે લાખો લીટર પાણી રસ્તા પર વહીને ગટરમાં ગયું હતું.

ડિંડોલીના યાર્ન વેપારીને 3 ઠગે 21 લાખનો ચૂનો ચોપડ્યો

આપેલા ચેકો પણ રિટર્ન થયા

સુરતઃ ડિંડોલીમાં નવાગામમાં રહેતા યાર્ન વેપારી સાથે મહિલા સહિત ત્રણ ઠગે અન્ય રાજ્યોમાં યાર્ન સપ્લાઈ કરતાં હોવાની ઓળખ આપી 21.99 લાખનું યાર્ન ઉધારમાં ખરીદ્યા બાદ બાકી પેમેન્ટ માટે અખાડા કરતાં મામલો પોલીસમાં પહોંચ્યો છે.

ડિંડોલીના નવાગામ સ્થિત શિવાજીપાર્કમાં રહેતા અને 'મહેર ટ્રેડિંગ' ના નામે યાર્નનો વ્યવસાય કરતાં હૌશીલાલ ઠાનીરામ પારધી આશરે ત્રણ વર્ષ પહેલા દર્શ ટ્રેડિંગના પ્રોપ્રાઈટર ધર્મેશભાઈ જરીવાલા તથા યાર્ન દલાલ રજનીશસિંહ ઈશ્વરદયાલસિંહ સાથે વેપારી સંબંધ શરૂ થયો હતો. ત્યારબાદ શ્રી લક્ષ્મી ગણેશ ટ્રેડર્સની પ્રોપ્રાઈટર કામીનીબેન રાજેન્દ્રભાઈ રાણા અને હીયા ટેક્સટાઈલના પ્રોપ્રાઈટર હિમાંશુકુમાર નિલેશભાઈ પટેલે પણ યાર્ન ખરીદી માટે સંપર્ક સાધ્યો હતો. આરોપીઓએ અલગ-અલગ તારીખે માલ મંગાવી કુલ રૂપિયા 21,99,744ની ચૂકવણી બાકી રાખી હતી. જેમાં શ્રી લક્ષ્મી ગણેશ ટ્રેડર્સ તરફ રૂ.13.59 લાખથી વધુ, દર્શ ટ્રેડિંગ તરફ રૂ. 1.05 લાખથી વધુ તેમજ હીયા ટેક્સટાઈલ તરફ રૂ. 12 લાખથી વધુની લેવડદેવડનો સમાવેશ થાય છે. ઉઘરાણી સામે ચેકો આપ્યા હતા, પરંતુ બેંકમાં રજૂ કરતાં ચેક રિટર્ન થયા હતા. આ મામલે ડિંડોલી પોલીસે આરોપી કામીનીબેન રાજેન્દ્રભાઈ રાણા (રહે., પાયોનીયર ડ્રીમ્સ, વડોદ), ધર્મેશભાઈ વનમાળીદાસ જરીવાલા (રહે., વિજય વીલા બિલ્ડિંગ, બેગમપુરા) અને હિમાંશુકુમાર નિલેશભાઈ પટેલ (રહે., નીલકંઠ રેસિડેન્સી, કોસાડ-અમરોલી) વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

હૈદરાબાદના ઠગે સુરતના કાપડ વેપારીઓને 1.82 કરોડમાં નવડાવ્યા

હીરાબાગના દલાલે શહેરના વેપારીઓ સાથે ઓળખ કરાવી ઉધારીમાં માલ અપાવ્યો હતો

સુરત : અડાજણના વેપારી સહિત પાંચ વેપારી સાથે દલાલ અને હૈદરાબાદના ઠગે 1.82 કરોડની ઠગાઈ આચરતા મામલો પોલીસમાં પહોંચ્યો છે.

અડાજણના મલબાર હિલમાં રહેતા ઇકરામ કુરેશી છેલ્લા આઠ વર્ષથી દિલ્હી ગેટ નજીક શ્રી કુબેરજી ટેક્સટાઈલ પાર્કમાં ઝારા સુટ નામે લેડીઝ સુટના કાપડનો વેપાર કરે છે. ફરિયાદ મુજબ મે-૨૦૨૪ દરમિયાન સુરેશભાઈ શંભુભાઈ ધોળીયા (રહે. જયસહકાર એપાર્ટમેન્ટ, હીરા બાગ)તેમની દુકાને આવ્યા હતા અને પોતે સ્મિત ફેશન નામે વેપાર તથા દલાલીનું કામ કરતા હોવાનું જણાવી હૈદરાબાદના વેપારીઓ સાથે વેપાર કરાવવા માટે વિશ્વાસ આપ્યો હતો. ત્યારબાદ સુરેશ ધોળીયાએ મોઘલપૂરા રોડ હૈદરાબાદના વેપારી મોહમદ ગોસ ખાનને સુરત લાવી ઓળખાણ કરાવી હતી. આરોપીઓની વાતમાં આવી અલગ અલગ GST બિલોથી કુલ રૂપિયા 51.07 લાખથી વધુનો લેડીઝ સુટનો માલ સુરેશ ધોળીયા મારફતે હૈદરાબાદ મોકલવામાં આવ્યો હતો. ફરિયાદી બે-ત્રણ વખત હૈદરાબાદ જઈ ઉઘરાણી કરવા ગયા છતાં મોહમદ ગોસ ખાન મળ્યો નહોતો. બાદમાં અન્ય વેપારીઓની મદદથી સંપર્ક થતા મોહમદ ગોસ ખાને કુલ 10 ચેક આપ્યા હતા. જોકે બેંકમાં રજૂ કરતા તમામ ચેક બાઉન્સ થયા હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

ફરિયાદ મુજબ આરોપીઓએ (૧) જયેશકુમાર મનોહરલાલ ચાંદવાની પાસેથી રૂપિયા 16.15 લાખ, (૨) મેહુલ ભરતભાઈ પટેલ પાસેથી રૂપિયા 34.79 લાખ, (૩) અમિતભાઈ ધિસુલાલ રાંકા પાસેથી રૂપિયા 27.48 લાખ તેમજ (૪) મધુરમ સુટ્સના વેપારી પાસેથી રૂપિયા 53.41 લાખનો માલ ઉધારમાં મેળવી પેમેન્ટ કર્યું નહોતું. ફરિયાદ મુજબ કુલ મળીને રૂપિયા 1.82 કરોડથી વધુનો માલ ઉધારમાં લઈ આરોપીઓએ પૂર્વયોજિત કાવતરું રચી વેપારીઓનો વિશ્વાસ જીતી છેતરપિંડી કરી હતી. છેલ્લાં કેટલાક મહિનાથી મોહમદ ગોસ ખાને હૈદરાબાદમાં પોતાની દુકાન બંધ કરી દીધી હોવાનું અને ફોન પણ બંધ કરી દીધા હોવાનું સામે આવ્યું છે. ફરિયાદીએ દલાલ સુરેશ ધોળીયા અને વેપારી મોહમદ ગોસ ખાન સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી છે.

'જો તું મારા રૂપિયા નહીં ચૂકવે તો તને જીવવા જેવો નહીં રહેવા દઉં'

વેડ રોડ પર વ્યાજખોર મહિલાની મનપા કર્મચારી પાસે પઠાણી ઉઘરાણી

સુરતઃ વેડ રોડ પર આવેલા લક્ષ્મીનગરમાં રહેતા અને સુરત મહાનગરપાલિકામાં ફરજ બજાવતા મનસુખભાઈ હિરાભાઈ વિરાસે ઓમસાઈ એપાર્ટમેન્ટ, વિશ્રામ નગરમાં રહેતી રેખાબેન સુરેશભાઈ ધોડકર સામે ફરિયાદ નોંધાવી છે. વર્ષ ૨૦૨૩થી આરોપી મહિલા સાથે તેમની ઓળખાણ હતી. ગત ૬ મેના રોજ જ્યારે મનસુખભાઈ ઘરે હતા, ત્યારે રેખાબેન અચાનક તેમના નિવાસસ્થાને ધસી આવી હતી. મનસુખભાઈના પિતા અને પુત્રની હાજરીમાં જ મહિલાએ ઉગ્ર બોલાચાલી કરી બિભત્સ ગાળાગાળી શરૂ કરી દીધી હતી. ફરિયાદમાં આક્ષેપ કરાયો છે કે, આરોપી મહિલાએ પઠાણી ઉઘરાણી કરતાં ધમકી આપી હતી કે, "જો તું મારા રૂપિયા નહીં ચૂકવે તો હું તને જીવવા જેવો નહીં રહેવા દઉં, તને જાનથી મારી નાખીશ." મનસુખભાઈએ એચડીએફસી (HDFC) બેંકનું ખાતું બંધ કરાવ્યા બાદ આરોપી મહિલા વધુ ઉશ્કેરાઈ હતી અને વારંવાર મૂડી તેમજ વ્યાજની વસૂલાત માટે માનસિક ત્રાસ આપવાનું શરૂ કર્યું હતું. વ્યાજખોર મહિલાના ત્રાસથી છૂટકારો મેળવવા માટે અંતે મનસુખભાઈએ ચોકબજાર પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ આપી હતી. પોલીસે રેખાબેન ધોડકર વિરુદ્ધ મની લેન્ડિંગ એક્ટ અને ધાક-ધમકી આપવા બદલ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.